# વિરોલ ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને આત્મા પ્રોજેક્ટ, મહેમદાવાદ દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને આત્મા પ્રોજેક્ટના સંયુક્ત ઉપક્રમે મહેમદાવાદ તાલુકાના છાપરા ગામે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણાસોલી દ્વારા ડાંગર તેમજ શાકભાજી પાકો ઉપર સંશોધિત નવીન જાતો અને તાંત્રિકતાઓ અને ડાંગરમાં જૈવિક જીવાત નિયંત્રણ ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. મહેશભાઇ પરીખ નિવૃત્ત નાયબ પશુપાલન નિયામકે પ્રાકૃતિક તેમજ વૈજ્ઞાનિક ઢબે પશુપાલન તેમજ ઉછેર વિષે માહિતી આપેલ હતી. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપેલ હતી.

શ્રી બીપીનભાઈ, બ્લોક ટેકનોલોજી મેનેજર (આત્મા) એ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ફાયદા અને ખેડૂતોને જીવામૃત, બીજામૃત, નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર બનાવવા અંગેની પ્રાયોગીક ટ્રેનીંગ આપી, શ્રી નિલેષભાઇ આત્મા, તાલુકા પંચાયત સદસ્ય વિરોલ હાજર રહી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરેલ હતા. મહેમદાવાદ તાલુકાના ૧ ગ્રામ સેવક અને વિરોલ ગામના પ્રગતિશીલ ૭૫ ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ દીધેલ હતો.







